નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ભાષા એ વિચારોનો પહેરવેશ છે...

- અજ્ઞાત

પાથેય

- રમેશ ઠક્કર

ખળખળ વહેતી ભાષા....

ભાષાની શિસ્ત હોય એ જરૂરી છે..પણ એ તબીબી પેરામીટર જેવી વાત છે..આ ખાવાથી આમ થાય...આર.ઓ.નું જ પાણી પીવાય.. બોડી કે વજન આ માપસાઇઝમાં જ હોવાં જોઇએ..વગેરે વગેરે...આ સાચું પણ હશે પરંતુ જીવન વહે છે સહજ ભાવથી..માણસ જોખી જોખીને જીવી શકે..? કેટલીક વાતો જીવાતી જિંદગીના સહજ હિસ્સા તરીકે આપણા વ્યકિતત્વ સાથે વણાઇ જાય છે. ત્યારે આ બધા શાસ્ત્રીય માપદંડો ચાલતા નથી...

નેવુ વરસે પણ એકદમ ફીટ રહેનારા દીપચંદ ગાર્ડી સ્ફુર્તિ અને ચુસ્તી માટે જાણીતા હતા.એમણે એકવાર જાહેરમાં પોતાની ફીટનેસ વિશે કહેલું કે 'તમે જેને મોર્નિંગ વોક કહો છો એવું મેં ક્યારેય કરી નથી..હું કસરત કે એવું કશું પણ કરતો નથી..જમવામાં પણ ખાસ પ્રતિબંધો પાળતો નથી. છતાં તમે મને' ફીટ' જોઇ શકો છે..! કારણ એ જ કે હું મનગમતી પ્રવૃત્તિમાં ગળાડૂબ રહું છું..મને પારમાર્થિક કામો કરતાં દિવ્ય આનંદ મળે છે..એના કારણે જ મારા શરીરમાં કોઇ એવો ાાવ ઝરતો હશે જે મને પ્રફુલ્લિત રાખે છે..' છે ને મૌલિક વાત ?!

જોકે એમણે એવું પણ કહેલું કે જે લોકો આ બધું કરે છે ખોટું છે એમ કહેવાનો પણ મારો આશય નથી..પણ ફીટનેસ માટે માનસિક આનંદ મહત્વનો છે...બોલચાલની ભાષાનું પણ આવું છે..ભાષા એ કોઇ વિવેચક કે ભાષાવિજ્ઞાનીની જાગીર નથી..એમાં અનુશાસન હોય આત્યંતિકતા ના હોઇ શકે.

સરેરાશ માણસ પ્રચલિત શાસ્ત્રો કે વ્યાકરણની આંટીઘૂંટીમાં પડતો નથી..જીવન સહજ છે..ભાષા પણ સહજ જ હોય.એમાં આપણે કારણ વગરની લઘુતા અનુભવીએ છીએ..તળપદા શબ્દો કે બોલીની પણ ગજબ મીઠાશ હોય છે..વિના કારણ ચીપીચીપીને બોલતો માણસ વિચિત્ર લાગતો હોય છે...ચંદ્રકાંત બક્ષી કહેતા કે"મારી ભાષા એ કોઇ વિવેચકની ગુલામ નથી, કે એ કહે એમ મારે બોલવી પડે...' વાહ શું ખુમારી છે..!

ગામઠી શાળામાંથી શહેરમાં આવેલો હું શૂન્ય માટે વર્ગમાં 'મેંડુ' એમ બોલેલો ત્યારે હસાહસ થઇ ગયેલી! પણ મેંડામાં જે મધુરતા છે એ ઝીરોના ઝળહળાટમાં નથી...આપણે શુધ્ધ ઉચ્ચારમાં રાધનપુર કે ભાભર બોલીએ પણ સ્થાનિક લોકો તો રાધણપોર કે ભાભોર જ બોલે છે. અને એ ગમે પણ છે...હું ખેડબ્રહ્મામાં હતો ત્યાં તમામ લોકો એને ખેડ તરીકે જ બોલે...હમણાં બાલાસિનોરમાં પણ જોયું સ્થાનિક લ્હેકામાં લોકો બાલાસિંદોર કહે છે ! મજા છે જનજીવનની ! એમાં ચોખલીયાવેડા ના ચાલે..

મહેસાણા ને મેહોંણા કહેવામાં કે સુરત ને હૂરટ કહેવા માટે એ શહેરો સાથેની આત્મીયતા હોવી જરૂરી છે..સાવરકુંડલા ને ત્યાં મોટાભાગે લોકો કુંડલા જ કહે છે...સુરેન્દ્રનગર ને સુનગર કહેતો માણસ નિરાળો લાગે છે..આવું ફક્ત ગામ કે શહેર માટે જ નથી..બધામાં હોય છે..

જીવાતી જિંદગીમાં એવા ઘણા શબ્દો કે બોલી હશે જે કોઇ નિયમના મોહતાજ નથી અને તોયે એનો અલગ અંદાજ હોય છે...કોઇ વકતા સ્થાનિક પરિવેશમાં લોકોના લ્હેજામાં વકતવ્ય આપે છે ત્યારે તાળીઓથી છવાઇ જતો હોય છે..આપણી ભાષા એ આપણી મા તરફથી મળેલી અણમોલ ભેટ છે...એને સહજ બોલવી એ જ એનું સન્માન છે. નિયમો માપદંડો એ પણ જરૂરી છે પણ કારણ વગર આપણી બોલીને કવાયત કરાવવી એ પણ એક પ્રકારનો જુલમ છે...!

ભાષા એ તો ખળખળ વહેતું ઝરણું છે..એને વહેવા દો...એના લયમાં મસ્ત બની જાઓ..વિના કારણ ભારેખમ ના બનો..સહજ બોલો..સરસ બોલો..સરળ લખો..સડસડાટ લખો..પ્રસન્નતા તમારી આસપાસ ઘેરાઇ જશે...!

ગુજરાતી ભાષાનું ગૌરવ આપણે ગુજરાતી ન વધારી શકીએ તો પછી કોણ વધારી શકે ?

પહેલાં આપણે આપણી ગુજરાતી ભાષા બરાબર રીતે બોલવાનું તો શરુ કરીએ

તું વાણી વિચાર મારી ગુજરાતી ભાષા
તું બુધ્ધિ વેપાર મારી ગુજરાતી ભાષા
તું સંવેદન પ્યાર મારી ગુજરાતી ભાષા
તું જીવન શ્રુંગાર મારી ગુજરાતી ભાષા
વાંચી, ગાઇ, વિચારનો અને સમજણનો આધાર તું
સાંઇ કહે સંસ્કાર તું અને વહાલપનો વ્યવહાર તું...

ચિંતક, વિચારક અને કલાકાર સાંઇરામ દવેના આ શબ્દો સાથે ગુજરાતી ભાષાની ખુમારીની વાત માંડવી છે. ૨૧ ફેબ્રુઆરી એટલે વિશ્વ માતૃભાષા દિવસ. માતૃભાષાનું જન્મ સ્થાન આપણું ઘર અને પરિવારના સભ્યો છે. પરિવાર જ ખરા અર્થમાં માતૃભાષાના જીર્ણોદ્ધાર માટેનું ઉત્તમ સ્થળ છે. વિશ્વ માતૃભાષાની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવાનો અને માતૃભાષાને જાળવી રાખવાનો છે. વાંચવા, લખવા અને બોલવા માટે થતા ઉપયોગ માટે વિવિધ દેશોમાં ઉપયોગમાં લેવાતી ભાષાઓ પૈકી યુનેસ્કોએ ૭૦૦૦થી વધુ ભાષાઓને ઓળખી કાઢી છે. યુનેસ્કોએ નવેમ્બર, ૧૯૯૯એ આંતરરાષ્ટ્રીય માતૃભાષા ઊજવવાનો નિર્ણય કર્યો, ત્યારથી લઈને દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ આ દિવસ મનાવવામાં આવે છે.

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ઘણાં સાક્ષરો અને લેખકોએ સમાજમાં આપણી ગુજરાતી માતૃભાષાની અવજ્ઞા અંગે સમયાંતરે લાલબત્તી ધરવાનુ ઉમદા કામ કર્યું છે. તાજેતરમાં એક વર્તમાનપત્રના પાને પ્રસિધ્ધ થયેલા લેખમનું મથાળું જોઈને હચમચી જવાયું. ''ચાલો, ગુજરાતી ભાષાની ખબર કાઢવા'' એ જ રીતે અન્ય એક લેખનું મથાળું હતું, ''આ લેખ રીડવા (વાંચવા) જેવો છે.'' આજે દરેક સાક્ષર સમાજને જણાવવા માગે છે કે, આપણે આપણી ગુજરાતી ભાષાને જીવંત રાખવા કે તેને વિકસાવવામાં કેમ ઊણાં ઊતર્યા છીએ. આ વિષય આજનો કે નવા જમાનાનો કે હમણાં હમણાં ધ્યાનમાં આવેલો નથી. આપણી ગુજરાતી ભાષાની ગરીમા જાળવવા કે વધારવાનો પ્રશ્ન દાયકાઓથી ચાલ્યો આવે છે. આ બાબતમાં ગાંધીજીએ તારીખ ૫, ઑક્ટોબર, ૧૯૦૯ના રોજ લંડનમાં ગુજરાતી સમુદાયના લોકોની સભામાં રાજકોટમાં મળનારી ગુજરાતી સાહિત્ય પરિષદને અભિનંદન આપવા સારુ એક ઠરાવ કર્યો. આ ઠરાવમાં ગાંધીજીએ અસરકારક વક્તવ્ય આપ્યું હતું. ૧૦૦ વર્ષથી વધારે સમય પસાર થવા છતાં તે વક્તવ્ય આજે પણ એટલુ જ સાંપ્રત હોય તેમ લાગે છે. એનો અર્થ એ થયો કે, આ પ્રશ્ન છેલ્લા સો વર્ષથી સાક્ષરોએ ધ્યાનમાં લીધો હોવા છતાં તેનો યોગ્ય ઉકેલ લાવી નથી શકાયો. અતિ પીડાદાયક વાત તો એ છે કે, ગુજરાતી નિશાળો બંધ થતી જાય છે અને અંગ્રેજી માધ્યમની નિશાળો વધતી જાય છે.

ગુજરાતી ભાષાનું ગૌરવ કોણ વધારી શકે ? ગુજરાતી માતૃભાષા બોલનારા આપણે એનું ગૌરવ વધારવા શું કરી શકીએ ? પહેલાં આપણે આપણી ભાષા બરાબર રીતે બોલવાનું તો શરુ કરીએ. વાતચીતમાં આવતા અંગ્રેજી શબ્દો દૂર કરી સંપૂર્ણ ગુજરાતી વાક્યો બોલવાનું રાખીએ તો પણ માતૃભાષા ગુજરાતીની ઘણી સેવા થઈ કહેવાશે. એક તરફ આપણી ગુજરાતી ભાષાના વિકાસ માટે અને એની ગરીમા વધારવા માટે આપણે પ્રયત્નશીલ તો બન્યા છીએ પરંતુ બીજી તરફ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધતુ જાય છે એને કેવી રીતે ખાળી શકાય. આપણા સૌના મનમાં વિચાર આવે કે, અંગ્રેજીના ગાંડપણના આ ઘોડાપૂરને ખાળવાનો ઉપાય જડે તો સારું. આ બાબતમાં એવું લાગે છે કે, ભલને અંગ્રેજીએ આપણી ઉપર પ્રભુત્વ જમાવ્યું હોય, આપણો પ્રથમ પ્રયત્ન આપણી ભાષાનું ગૌરવ વધારવાનો હંમેશા રહે એ જરૂરી છે. આ તબક્કે એ પણ વિચારવું જરૂરી છે કે, આઝાદી પછીની ત્રીજી પેઢીએ આપણા દેશની બહાર ધંધા, રોજગાર અર્થે જવા-આવવા જબરી કમર કસી હોય તેમ લાગે છે, વિદેશોમાં આપણા ઘણાં લોકો ઊંચા હોદ્દાઓ ઉપર છે. જે આપણા ગુજરાતી લોકોનો અંગ્રેજી ભાષા ઉપરના પ્રભુત્વને આભારી છે.

હવે એ પણ વિચાર કરવો ઘટે કે, દુનિયાના અન્ય દેશોમાં અંગ્રેજી ભાષાનું ચલણ કેટલું છે. જાપાનમાં અને ચીનમાં હાલમાં દરેક શાળાઓમાં ધોરણ ૩ કે ૫ થી અંગ્રેજી વિષય દાખલ થયો છે. દક્ષિણ અમેરિકાના દેશોમાં પણ અંગ્રેજી ભાષા જાણવાનો શોખ દિવસે દિવસે વધતો જાય છે. વિચારવા જેવી વાત એ છે, આજે ભારતની બહારના દરેક દેશોમાં એક એવો ખ્યાલ પ્રવર્તે છે કે, ''ભારત એક મહાન દેશ છે અને જિંદગીમાં એક વખત ભારતનો પ્રવાસ કરવો જોઈએ.'' સાથે સાથે તેમને એ પણ ખ્યાલ છે કે ''ભારતમાં કોઈ પણ જગ્યાએ જશો તો અંગ્રેજી આવડતું હશે તો કામ પાર પડી જશે.'' ભારત જેવા મહાન દેશના પ્રવાસ માટે બીન અંગ્રેજી દેશોના પ્રવાસીઓ અંગ્રેજીના વર્ગમાં અંગ્રેજી શીખીને ભારત આવતા હોય છે. આમ જોવા જઈએ તો આપણા જનજીવનમાં અંગ્રેજીનું ચલણ વધવાથી આપણા દેશના પ્રવાસનને પ્રોત્સાહન મળ્યું છે. આ સાથે એ પણ વિચારવાનું છે કે, દુનિયાના ઘણાં ખરા દેશો ભાગ લેતા હોય એવો મોટો મેળાવડો એટલે કે ઇંટરનેશનલ કોન્ફરંશ મળતી હોય છે. એકથી વધુ દેશોના વિદ્વાનો જ્યારે ભેગા થતાં હોય ત્યારે આવા મેળાવડામાં ભાગ લેનારા દેશની અલગ અલગ ભાષા જે પણ હોય, પરંતુ આવા મેળાવડામાં ચર્ચા તો અંગ્રેજી ભાષામાં જ ચાલે છે. કેટલાક એવા પણ મેળાવડા હોય છે કે જેમાં અંગ્રેજી ભાષા ઉપયોગમાં લેતો હોય એવો દેશ ઇંગ્લેન્ડ ન હોય, તો પણ આવા મેળાવડાની ચર્ચાઓની ભાષા તો અંગ્રેજી જ હોય છે. અંગ્રેજી ભાષાની અનિવાર્યતા વૈશ્વિક જરૂરિયાત જેવી બની ગઈ છે.

નકારાત્મકતાના દ્રષ્ટિકોણથી 'અંગ્રેજી હટાવોની'ની વાત કરવા કરતાં, ''ગુજરાતીની ગરીમા વધારો'' એવો દ્રષ્ટિકોણ ઉજાગર કરવો જોઈએ. આના માટે આપણે સૌ ગુજરાતીઓ દેશમાં કે દેશની બહાર વધુ પ્રયત્નશીલ બનવુ પડશે. ગુજરાતી ભાષાની ગરીમા વધારવા માટે કેટલાક પાસાઓ ઉપર સભાનપણે વિચાર કરવો પડશે. સૌથી પહેલાં તો વાતચીત કરતી વખતે સંપૂર્ણ ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરવાનુ નક્કી કરી લેવુ પડશે. વાક્ય રચનામાં વચમાં ઉપયોગમાં લેવાતા અંગ્રેજી શબ્દો દૂર કરવા પ્રયત્ન કરવો પડશે. ઘરના પુસ્તક રેકને ગુજરાતી ભાષાના ઉત્તમ પુસ્તકોથી સજાવવાનો રહેશે. ગુજરાતી દૈનિક વર્તમનપત્રોનો આગ્રહ કેળવવો જોઈશે. વળી બાળકો માટે એકાદ બાળ અંક જે પખવાડિક કે માસિક સ્વરૂપે પ્રસિદ્ધ થતાં હોય તેનું લવાજમ ભરવું ઉપયોગી બની રહેશે. આ ઉપરાંત અન્ય સાહિત્યિક ગુજરાતી માસિક અંકનું લવાજમ ભરવું જોઈએ જેથી ઘરના સર્વે એ વાંચી શકે. બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણતા હોય ત્યારે બાળકો માટે ગુજરાતી સાહિત્યિક અંક મંગાવવો ખુબ જરૂરી બની જાય છે. અંગ્રેજી માધ્યમની શાળાઓ પણ ગુજરાતી પાઠ્યક્રમ જે હોય તેમાં વધારો કરે એ ઇચ્છની છે. જે માણસો અંગ્રેજીમાં બોલતા હોય તે બુદ્ધિશાળી જ હોય એમ ગણવાની ભુલ ક્યારેય ન કરવી. સરસ અને શુધ્ધ ગુજરાતી બોલતા લોકો વધારે બુધ્ધિમાન હોઇ શકે છે તેમને માનપૂર્વક સાંભળવાની ટેવ પાડવી જોઈએ.

ગુજરાત ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં વિસ્તારમાં ખાસ્સુ મોટું છે. આપણા આખા રાજ્યની ભાષા 'ગુજરાતી' કહેવાય છે. જોકે મોટાં વિસ્તારમાં પથરાયેલા આપણા ગુજરાત રાજ્યમાં બોલાતી આપણી ગુજરાતી ભાષાની લઢણમાં ચોક્કસ બદલાવ દેખાય. પરંતુ આખરે તો એ ભાષા છે તો ગુજરાતી જ ને ! કહેવાય છે ને કે, 'બાર ગાઉએ બોલી બદલાય'. કાઠિયાવાડી, ઉત્તર ગુજરાતની બોલી (મહેસાણવી), સુરતી, ખેડા જિલ્લાની લઢણ, કચ્છી વગેરે. ગુજરાતી લઢણવાળી બોલીની મજા અલગ છે તેને હદયપૂર્વક આદર આપવાની આવશ્યકતા છે. આનાથી આપોઆપ ગુજરાતી ભાષાની ગરીમા વધતી જશે. ગાંધીજીએ તો ત્યાં સુધી કહ્યું છે કે 'દેશની બહાર જતા હિંદીઓને આ હકીકત વિચારવા જેવી છે. તેમની જવાબદારી મોટી છે. તેઓ પ્રજાને દોરનારા થવાના છે. તેઓ જ પોતાની ભાષા ભૂલી જશે તો પાપના અધિકારી થશે.' કુટુંબના દરેક સભ્યોએ ગુજરાતી વાંચવાની ટેવ પાડવી પડશે. નજીકના પુસ્તકાલયમાં સભ્યપદ લઈને ગુજરાતી પુસ્તકો વાંચવાની આદત કેળવવી પડે.

ગાંધીજીએ જાન્યુઆરી તારીખ ૧, ૧૯૦૯માં દક્ષિણ આફ્રિકાથી પ્રસિદ્ધ થતા ઈન્ડિયન ઓપીનિયન અખબારના લેખની શરૂઆતમાં લખ્યું છે કે, 'અમારા જોવામાં આવે છે કે,

અનુસંધાન પાના નં. ૭ પર

હે પ્રભુ આમને આમ ક્યાં સુધી જીવવાનું અમારે, ગુજરાતીનું પણ ગુજરાતી કરવાનું

''૧૨ દિવસ માટે એક સેમીનારમાં રાજસ્થાન જવાનું થયું અને દિવસો સુધી ગુજરાતી બોલવાનું કે સાંભળવાનું શક્ય ન બન્યું ત્યારે ખરેખર લોજના રૂમમાં એકલા એકલા બબડાટ કરતો હતો !'' આ શબ્દો કોઈ ગુજરાતીના નથી પણ સવાઈ ગુજરાતીનું બિરુદ પામેલા કાકા કાલેલકરના છે.

ગુજરાતીમાં જે સંવેદનશીલતા અને આત્મીયતાના અંકુરનું વાવેતર થાય છે , તે બીજામાં થતું નથી આપણા સમાજમાં ઘણી વ્યક્તિ એવી છે કે ગુજરાતી હોવા છતાં ગુજરાતીમાં ન બોલવામાં અને ન ભણવામાં પોતાની આપવડાઈ સમજે છે આનાથી વિપરીત વિદેશમાં સ્થાયી થયેલ ગુજરાતી પરિવારના લોકો પોતાના બાળકને આવનારી પેઢી કે જે સંપૂર્ણપણે વિદેશમાં જન્મી અને મોટી થઈ રહી છે તેમનામાં ગુજરાતી ભાષા જીવંત રહે તે માટે જે પ્રયત્નો કરે છે તે આપણને ગુજરાતમાં રહેનારા ગુજરાતીઓને શરમ આવે તેવા છે. નાના બાળકો માટે હિતોપદેશ અને બકોર પટેલ, ચંપક જેવા પુસ્તકો અહીંથી મંગાવે છે રવિવારે ખાસ એક કલાક ગુજરાતી ભાષાનું વાંચન થાય તે માટે બાળકોની સામે અવનવા આકર્ષણ મુકવામાં આવે છે.

જ્યારે આપણે ત્યાં તો તદ્દન વિપરીત પરિસ્થિતિ છે. અંગ્રેજી માધ્યમના પહેલા ધોરણમાં ભણતા એક છોકરાની મમ્મી તેને કૃષ્ણની વાર્તા કહેતી હતી.''કૃષ્ણનો રંગ ડાર્ક હતો.તેને બટર બહુ ભાવે, ફ્રીજ ખોલ-બંધ કરે અને બટર ખાઈ લે,આખો દિવસ બોલથી રમ્યા કરે, એક દિવસ બોલ રિવરમાં પડ્યો....અને વાર્તા આગળ ચાલતી ગઈ..અંગ્રેજોએ આપણા પર ઘણો સમય શાસન કર્યુ, અંગ્રેજો ગયા અને અંગ્રેજી મૂકતા ગયા. અહીં અંગ્રેજી ભાષા સામે વિરોધ નથી. સોરી અને થેંક યુ,પ્લીઝ અન એક્સક્યુઝ મી વગર આપણને ચાલતુ નથી, વાંધો શબ્દો સામે નથી,પણ તેને બળજબરીથી વાપરવાની ઘેલછા સામે છે.

'ભદ્રંભદ્ર'નો પાઠ ભણવામાં આવતો ત્યારે 'મોહમયીનગરીની બે મૂલ્યપત્રિકા' વાળો સંવાદ હાસ્ય ઉપજાવતો.આપણે માતૃભાષાનું જતન ભદ્રંભદ્રની પેઠે નહીં પણ માની જેમ કરવાનું છે.આપણી લાગણી,સંવેદના આ બધુ માતૃભાષા સાથે જ સંકળાયેલું છે. અંગ્રેજીની લીટી નાની કરવાના બદલે ગુજરાતીની લીટી મોટી કરોને! ગુજરાતી ભાષા મરવા પડી છે એવી કાગારોળ સાંભળીએ છીએ,ગુજરાતી શાળાઓ બંધ થતી જાય છે,આને માટે જવાબદાર કોણ? શાળા સંચાલકો, આચાર્યો કે શિક્ષકો?

રવીન્દ્રનાથ ટાગોરે પણ સૌપ્રથમ માતૃભાષા બંગાળીમાં જ લખ્યું,પછી તેનો અનુવાદ કરી વિશ્વ સમક્ષ મૂક્યો. મા,માતૃભાષા અને માતૃભૂમિ બદલી શકાય નહીં.

નવી પેઢીનો બાળક 'ધીંગાણું' શબ્દ વર્ગમાં પ્રયોજાય ત્યારે બાઘો બની જોયા કરે છે. મેઘાણી,મડિયા કે પન્નાલાલ પટેલના પાઠ જ્યારે ભણાવીએ ત્યારે તે કથામાં આવતાં તળપદા શબ્દ સમજાવવા ભારે પડી જાય છે.'પાળીયો' શબ્દ એ બાળકને સમજાતો નથી. 'પાદર' એણે જોયું નથી.

અમુક શબ્દો,અમુક વર્ણન જે આત્મીયતાથી માતૃભાષામાં સંભવે છે, તેવી સમર્થતા બીજા પાસે નથી.'હડિયા પાટી' કરવી એટલે દોડાદોડી કરવી, પણ હડી કાઢવામાં જે ગતિ છે, તે રનિંગ શબ્દમાં નથી. અદલોદલ 'હડિયાપાટી'નો અર્થ બરાબર સ્પષ્ટ કરે તેવો ક્યો અંગ્રેજી શબ્દ છે?

આજની પેઢી જો માતૃભાષાથી વિમુખ થઈ જશે તો આવા તળપદા શબ્દોની સુંદરતા જ નષ્ટ થઈ જવાની. વળી પાછા અંગ્રેજી માધ્યમમાં ભણતા છોકરા તૈયાર થાય, પછી શેક્સ્પિયર નથી વાંચતા, ગટે કે ચાર્લ્સ ડિકન્સથી તેઓ દૂર જ હોય છે,વર્ડઝવર્થની કવિતાનું સૌદર્ય તેઓ નથી માણી શકતા, કારણકે એની માટે પહેલાં કલાપી કે ઉમાશંહર જોષીની રચનાઓ સમજવી જરૂરી છે. તેમને શેમાં રસ છે? ગોસિપ અને ક્રાઈમ સ્ટોરીમાં, અને જ્યાં ને ત્યાં પોતાને અંગ્રેજી આવડે છે' તેની છાપ મૂકવામાં રસ હોય છે.

ગુજરાતી ખૂબ ભાવવાહી અને સંવેદનશીલતા આપણામાં આણનારી માતા છે. આપણે ગુજરાતીને ઉપેક્ષિત કરીશું એટલે આપણો વિનાશ નક્કી જ સમજવો. બાળકને મૂલ્યપરક પાઠ ભણાવવા હોય તો માતૃભાષા આવશ્યક છે. માતૃભાષાવિહોણું બાળક ભવિષ્યમાં લાગણીવિહોણું બનીને જો મા-બાપને ઘરડાઘરનો રસ્તો દેખાડે તો તેમા એમનો દોષ જરાય નથી. દોષ આપણો છે.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

વળી એક બીજો સળગતો મુદ્દો છે, જેને શ્રી અતુલ ઉનાગર પોતાના લેખમાં જણાવે છે કે, ''તાજેતરમાં જ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા અંગ્રેજી - ગુજરાતી મિશ્રભાષામાં પાઠ્યપુસ્તક તૈયાર થઈ રહ્યાં છે. પાઠ્યપુસ્તકનું આ નવીન સ્વરૂપ ઘાતક અને જોખમી સાબિત થશે.

નોકરી મેળવવા માટે "અંગ્રેજીની આવડત ખૂબ જ જરૂરી છે" એવી વણચકાસેલી ભ્રામક લોકમાન્યતાને વશ થઈને અંગ્રેજીને વધારાના ભારણ તરીકે મૂકવાની વાત એ પાશેર દૂધ માટે ભેંસ બાંધવા જેટલું આત્મઘાતી સિદ્ધ થાય તેમ છે. દેશ અને દુનિયાના તમામ મહાપુરુષોનો અભ્યાસ કરીશું તો ખબર પડશે કે તેમણે શિક્ષણ પોતાની માતૃભાષામાં જ લીધું હતું. હવે તો મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માતૃભાષામાં લેવાય છે અને મેડિકલ જેવી મહત્ત્વપૂર્ણ વિદ્યાશાખાઓમાં પણ પોતાની ભાષામાં પણ અભ્યાસ કરી શકાય છે.

માતાપિતા તો અંગ્રેજીના મોહને લીધે સંતાનોને ઝડપથી અંગ્રેજી શીખવી દેવાની ઘેલછાને કારણે ઇચ્છે. પરંતુ સાવધાન : "ગ્રાહક માગે તે આપવું" એવો ઉપભોક્તાવાદી સિદ્ધાંત શિક્ષણ જેવા જીવનલક્ષી વિષયને વેપારમાં ફેરવી નાખશે, અને આ જ થઈ રહ્યું છે. આજે ટેકનોલોજીને કારણે ગુજરાતીમાંથી અંગ્રેજી ભાષાંતર કરવાની, બોલવા-સાંભળવા માટેની એપ્લિકેશન સરળતાથી પ્રાપ્ય છે. થોડાક જ વર્ષોમાં 'Artificial Intelligence'ના ઉપયોગને કારણે ભાષાઓ વચ્ચેનો ભેદ જ મટી જવાનો છે. એક મોબાઈલ કરી શકે એવી તુચ્છ ક્ષમતા પ્રાપ્ત કરાવવા માટે વિદ્યાર્થીઓની આટલી મોટી શક્તિઓનો દુરુપયોગ કરીને તેને હેરાન શા માટે કરવા જોઈએ ?'' આ મુદ્દો પણ અત્યંત ચિંતનીય છે.

આપણે કેવું ગુજલિશ બોલીએ છીએ..તે જોઈએ. અમે તો બહુ ફાઈન છીએ. તમે કેમ છો? હાઉ આર યુ ? ઇવનિંગ ટાઈમે વોક લેવાની બહુ મજા આવે છે. એટ્મોસ્ફિયર બહુ પ્લેઝન્ટ છે. સાચુ કહુ તો આઇ હેવ નો ટાઇમ. અમે ટ્યુઝડેના તો ભદ્રકાળી ટેમ્પલ જઈએ જ.અને સન્ડે ના અક્ષરધામ. એન્ડ યુ નો ઓફિસ જવાની પ્રિપ્રરેશન,ફોન અને ફાઈલ્સ.રવિવારે ડિનર તો બહાર જ લેવાનું. હાયપફલાણાપબાય ઢીકણાપ ઓકે રાઈટ..સોરી બ્રધરપ ઓ શીટ્સપ

બાપરે તોબા પ સહજ રીતે અંગ્રેજી શબ્દો આવે એનો વાંધો નથી પણ જે રીતે આવે છે તેનો વાંધો છે. આવું અંગ્રેજી બોલીશું તો આપણો વટ પડી જશે,આવા વહેમમાં રહીને આપણે ગુજરાતીઓએ જ ગુજરાતી ભાષાને પીંખી નાખી છે.

★★

કેટલીક વાતોનું વારંવાર આવર્તન આવશ્યક હોય છે. માટે જ આ લેખના કેટલાંક અંશ પુનઃ પુનઃ આપવામાં આવ્યા છે. પિષ્ટપેષણ લાગે તો ક્ષમા કરશો.

શીર્ષક પંક્તિ : હરદ્વાર ગોસ્વામી

- jayuoza@gmail.com,
Mo.9898046488

સામેની વ્યક્તિને આદર આપીને પોતાના ગમા-અણગમાને પણ યોગ્ય રીતે વિકસિત કરતા રહેવાની સમજણ કેળવાય એ જરૂરી હોય છે

આજકાલ લગ્નની મૌસમ ભરપૂર ચાલી રહી છે. દરેક ઘરમાં બે-ચાર લગ્ન કંકોત્રી તો આવી જ હોય. લગ્નમાં જવાનું એટલે અનેક વિધિ અને કાર્યક્રમોમાં જવાનું, જેવી જેની સગવડ અને રૂચિ, તદઅનુસાર લગ્નના કાર્યક્રમો યોજાયા રહે. છેલ્લા એક-બે દાયકાથી તો હવે આખોયે લગ્ન ઉત્સવ એક ઈવેન્ટ મેનેજમેન્ટ જ બની ગયો છે.ડેસ્ટીનેશન વેડીંગનું મહત્ત્વ વધ્યું છે. લગ્ન માટે નક્કી કરાયેલા હસ્ત મેળાપના સમયને પાળવાની તકેદારી બહુ ઓછી જગ્યાએ જોવ મળે છે, એવું જ રિસેપ્શનનું પણ, કેટલીયેવાર વર-વધુ જ નિયત સમયે આવ્યા ના હોય, કારણ કે બ્યુટી પાર્લરમાં વધુ સમય જાય, કોઈ વળી ટ્રાફિકમાં ફસાય....

લગ્નના ઉત્સવોમાં કન્યા પક્ષ હોય કે વર પક્ષ હોય, સહુ આનંદમય થઈને રહે..... એમાં જયારે જયારે સાહિત્ય અને સંગીતની વાત આવે, ૩૦-૪૦ કે ૫૦ વર્ષના સુખી દાંપત્ય આશીર્વાદ આપતા જોવા મળે ત્યારે હૃદયમાં આનંદ સાથે એક સહજ પ્રશ્ન પણ હોય.... સ્ત્રી અને પુરુષના દાંપત્યમાં એવું તે શું છે ? જે એમને આટઆટલા વર્ષોથી જોડી રાખે છે... ઘણીવાર સાહિત્યકારો - સેલીબ્રીટીને પણ આ સંદર્ભના પ્રશ્નો પૂછાતા હોય છે.

આપણી જ આસપાસના અને પોતાના દાંપત્ય જીવનનું અવલોકન કરનારને આના સમયે સમયે બદલાતા એવા અનેક જવાબો રૂપી દાંપત્ય મળી આવશે. મધુર - સંવાદરુપ - ઠરેલું - અર્થપૂર્ણ - પ્રેમથીસભર - મંગલ દાંપત્યના મૂળમાં એ કઈ અનુભૂતિઓ હોય છે ? કંઈ સંવેદનાઓ હોય છે ? કઈ રીતે સમજણ હોય છે ? જે પતિ-પત્નીને જોડી રાખે છે.

બ્યુટી પાર્લરમાં જનારને એ વાતનો ખ્યાલ હોવો જોઈએ કે બાહ્ય રુપને અવસ્થા આવે જ છે. પ્રેમની અનુભૂતિમાં અવસ્થા નથી આવતી. પ્રેમ કયારેય ઘટી ના શકે, પ્રગટ ન થાય એ સમજી શકાય. આ પાયાની સમજણ કેળવાય જાય તો ભયો ભયો...

એકવાર પતિ-પત્ની વચ્ચે ઘરમાં કોઈ વાતે વિવાદ થયો, પત્નીએ છેલ્લા પચ્ચીસ વર્ષોની વાત પાંચ મીનીટમાં ઉકળાટભેર કરી દીધી જેમાં સાર તત્ત્વ એ કે બધું અમારે જ સહન કરવાનું, અમે જ ખોટા, અમને જ ખબર ના પડે..... આવું આવું જોરશોરથી એ બોલવા માંડી.... પતિ પાસે પણ આના જવાબો હતા જ, પણ આ સમયે જવાબો કરતાં વધુ મહત્વ સમજણનું હતું. એમણે મૌન ધારણ કરીને થોડીવાર માટે કોઈ બીજા કામમાં મન પરોવ્યું. જો એમણે પણ શાબ્દિક હુમલો કર્યો હોત તો કોઈને વેણની ઈજા થઈ જાત.

રોજિંદા જીવનમાં સામાન્ય રીતે પત્ની એમના પતિ માટે એવું કહેતી હોય છે કે એમનો હાથ બહુ છુટ્ટો છે, પૈસા વધારાના જ વાપરે, હું તો ખરીદી કરવા જાઉં તો બીનજરૂરી કોઈ વસ્તુ ના ખરીદું.... વગેરે... વગેરે.... પરંતુ પતિને ખબર હોય છે કે આટલી જ ચીવટથી એ કરકસર નથી કરતી, વસ્તુનો તો ઠીક, સમયનો પણ કયારેક વેડફાટ કરે છે, પણ આ વાતની ચર્ચાથી જો એ દૂર રહે તો ઘરમાં શાંતિ ટકે છે.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

કેટલાક પુરુષોને ઘરના રસોડામાં - ઘરની ઝીણી ઝીમી વાતોમાં માથું મારવાની આદત હોય છે. આ આદત પત્નીને નથી ગમતી હોતી, નાની વાતમાં પછી એનો અણગમો પ્રગટ થઈ જાય છે, પત્નીના પણ પોતાના વિચારો હોય, આયોજનો હોય જેને માન આપતા પતિએ શીખવું જોઈએ.

પતિ-પત્નીના સંબંધોમાં પતિને અધિકાર જોઈએ છે તો પત્નીને પ્રેમ.... પતિને સુંદરતા ગમે એછે તો પત્નીને એ સુંદરતાના મુખરિત શબ્દો ગમે છે.... પત્ની ઘરમાં અદ્‌ભૂત રસોઈ બનાવે એ એની જવાબદારી ભલે હોય, પણ પતિ જો એને એની રસોઈ માટે બે મીઠા બોલ જાહેરમાં કહે તો એને ગમે જ છે. પ્રેમ જેટલું જ મહત્ત્વ કેટલાક કિસ્સામાં પ્રશંસાનું પણ હોય છે.

ઘટનાઓ બિલકુલ નાની હોય છે, સંવેદના સાહજિક હોય છે, પરંતુ એની અનુભૂતિ અસરદાર હોય છે, એટલે જ મધુર દાંપત્યજીવનની કોઈ એક ચાવી નથી હોતી જે હાથ આવે તો ભયો ભયો થઈ જાય. બંનેએ સતત સમર્પિત ભાવે સામેના પાત્રને રાજી રાખવાનો ભાવ કેળવવો પડે છે. એ